# સે. ૨૭માં થયેલી હોટેલ લીલાના કર્મચારીની હત્યાનો ભેદ ઉકેલાયો

## સે.૧૩ના ચાર ઇસમોએ યુવકની હત્યા કરી એક હજાર રૂપિયાની લૂંટ કરી : પાટનગરમાં જ રાત્રે એકલાં ફરવું સલામત નથી તો રાજ્યમાં સલામતીની સ્થિતિ અંગે પ્રશ્નાર્થ

ગાંધીનગર તા.૧૩

ગાંધીનગરમાં તા. ૮મી ઓક્ટોબરના રોજ સવારે સેક્ટર-૨૭ના બગીચા નજીક એક ચાની કિટલી પાસેથી મળી આવેલી હત્યા કરાયેલી લાશનો ભેદ પણ ગાંધીનગર પોલીસે ઉકેલી લીધો છે. શહેરમાં તાજેતરમાં જ શરૂ થયેલી ફાઈવસ્ટાર હોટેલ લીલાના કર્મચારી દેવાંશ રોમી પ્રાણનાથ ભાટીયા નામના યુવાનને લૂંટના ઈરાદે સેકટર-૧૩ના ચાર ઈસમોએ મોતને ઘાટ ઉતારી દઈને તેની પાસેથી રોકડ રૂ.૧૦૫૦ અને મોબાઈલ ફોનની હેન્ડ્સ-ફ્રીની લૂંટ કરી હતી.

વડોદરાથી ગાંધીનગર ખાતે જુલાઈ મહિનાથી હોટેલ લીલામાં નોકરી કરવા આવેલો અને સે.૨૭માં રમીલાબેન પટેલના મકાનમાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેતો ૨૫વર્ષીય દેવાંશ રોમી પ્રાણનાથ ભાટીયા હોટલમાં રિસેપ્શન કાઉન્ટર પર ફરજ બજાવતો હતો. ગત તા. ૮મી ઓક્ટોબરના રોજ તેની લાશ સેક્ટર-૨૭ના બગીચા નજીક એક ચાની કિટલી પાસેથી મળી આવતા શહેરમાં ચકચાર મચી જવા પામી હતી. આ યુવકની હત્યાની તપાસ માટે લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ જે એચ સિંધવ દ્વારા તપાસનો દોર શરૂ કરાયો હતો. આ અંગે રેન્જ આઈજી અભય ચુડાસમાએ આજે પત્રકારોને જણાવ્યું હતું કે, ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ એલ.સી.બી, એસ.ઓ.જી. તથા સ્થાનિક પોલીસ સ્ટેશનની અલગ અલગ પંદર જેટલી ટીમો હત્યાના ગુનેગારોને શોધવા માટે સક્રિય કરવામાં આવી હતી. લાશની ઓળખ બાદ દેવાંશના હત્યારાઓને ઝબ્બે કરવા પોલીસે તેની સાથે કામ કરતા હોટલ લીલાના કર્મચારીઓ, તેના મિત્રો તથા પરિવારના સભ્યોની પુછપરછ કરી હતી તેમજ તેના સોશિયલ મિડીયાના એકાઉન્ટસ તથા કોલ ડીટેઈલ્સની ચકાસણી કરતાં દેવાંશ એકદમ સીધો અને સરળ પ્રકૃતિનો યુવાન હોવાનું જાણવા મળતાં તેની હત્યાનો હેતુ શુ હોઇ શકે તે બાબતે અવઢવ પેદા થઇ હતી. જોકે પોલીસે તે રાત્રીનું દેવાંશના મોબાઈલનું લોકેશન તપાસતા તેનો મોબાઈલ રાયપુર અમદાવાદથી બંધ થયો હોવાનું જણાયું હતું. આથી તેનું અગાઉનું લોકેશન જે વસ્ત્રાપુરનું મળ્યું હોવાથી ત્યાંથી તેને ટ્રેક કરવાનું શરૂ કરતા તે ઓલા બાઈકમાં ગીતા મંદીર એસટી ડેપો ખાતે ઉતર્યો હોવાનું મળ્યું હતું. જેનાં આધારે ગાંધીનગર પથિકાશ્રમ એસ.ટી ડેપોના કેમેરા ચેક કરવામાં આવ્યા હતા અને તેમાં દેવાંશ પથિકાશ્રમમાંથી બહાર આવતો દેખાયો હતો.

આ પછી ઘ-રોડ તથા સેકટર-૧૬ના સીસીટીવી ફુટેજમાં દેવાંશ ચાલતો ચાલતો ઘ-રોડ ઉપરથી સેકટર-૧૬ના બજારમાં થઈને ઘ-૫ સર્કલ પાસેથી પસાર થતો જોવા મળ્યો હતો. જોકે ઘ-૬ સર્કલના કે સેકટર-૨૨ તથા સેકટર-૨૩ના તમામ સી.સી.ટી.વી. ફુટેજમાં તેની કોઇ ભાળ ના મળતાં એલસીબી દ્વારા વાહનચાલકોની પુછપરછ કરાઇ હતી જેમાં એક રીક્ષા ચાલકે દેવાંશને ઓળખી જણાવ્યું કે તેણે દેવાંશને ઘ-૫ થી રીક્ષામાં બેસાડી તેને સેકટર-૨૪-૨૭ ક્રોસ રોડ આગળ ઉતાર્યો હતો. આ પછી ૪૦૦મીટર દુરના એક સી.સી.ટી.વી.માં મળેલા અસ્પષ્ટ ફુટેજમાં ચાલતા જતાં દેવાંશની પાછળ એક બાઈક ઉપર ચાર ઈસમો પીછો કરતાં જણાયાં હતાં.

આ પછી જીલ્લા પોલીસની અલગ અલગ ટીમો બનાવી દેવાંશ જે રસ્તે આવતો હતો. તેની આસપાસના તમામ સેકટરો તથા સર્કલના સી.સી.ટી.વી. ફુટેજ ગાંધીનગર જીલ્લા કંટ્રોલરૂમ, જી.એમ.સી કંટ્રોલરૂમ તથા સેકટરમાં લગાવેલ તમામ ખાનગી સી.સી.ટી.વી. ફુટેજ તપાસવામાં આવેલ તથા તમામ ચાર સવારી વાહન ચાલકો કયા રસ્તેથી આવે છે તેમજ કયા રસ્તે તરફ જાય છે તેનું મીનીટસ ટુ મીનીટ મોનીટરીંગ કરતાં ચાર દિવસના અંતે શંકાસ્પદ વાહન હોન્ડા કંપનીનું શાઈન બાઈક હોવાનું તથા તેના ઉપર ચાર વ્યકિત સવાર હોવાનું સ્પષ્ટ થયું હતું જેના પર સવાર સેકટર -૧૩ના યુવકોએ હત્યા કર્યાનું ખુલ્યું હતું. પોલીસના ખાનગી બાતમીદારો આધારે શંકાસ્પદ વર્ણનવાળા બાઈક તથા ઈસમોની ખરાઈ કરતા માનવ ઉમેશભાઈ પવાર (રહે. સેકટર-૧૩ ના છાપરા), આશીષ મહેશભાઈ સોલંકી (રહે. પ્લોટ ન ૫૦૧/૧,સેકટર-૧૩/એ) ઘનશ્યામ ઉર્ફે કાળુ નારણભાઈ કાનાણી (રહે. પ્લોટ નં ૪૦૬/૧ સેકટર-૧૩/એ) તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ ૧૭વર્ષીય કિશોરને ઉઠાવી લેવામાં આવ્યા હતા.

### દેવાંશની હત્યા લૂંટના ઈરાદે કરાઇ

પોલીસ તપાસમાં આરોપીઓએ લુંટ કરવાના ઈરાદે દેવાંશની હત્યા કર્યાની કબુલાત કરી હતી. આ લુંટને અંજામ આપવા માટે તેમણે ગાંધીનગરના કોઇ પણ સીસીટીવીમાં ના ઝડપાય તે માટે મુખ્ય રોડ ઉપર નિકળવાનું ટાળ્યું હતું. તેમણે રાત્રે ચા પીધા પછી દેવાંશ અંધારામાં એકલો જતો હોવાથી તેને આંતરીને લૂંટ કરવા પ્રયાસ કર્યો હતો જે દરમ્યાન થયેલી ઝપાઝપીમાં દેવાંશ ગભરાઈને બૂમ પાડવા લાગેલો અને માનવ પવારે છરીના ઘા ઝીંકી દીધા હતા. કાલુએ દેવાંશનું મોઢું દબાવી દીધું હતું અને તેની પાસેની છરીના ઘા માર્યા હતા. જેનાં કારણે દેવાંશ ઢળી પડતાં આશિષ અને સગીર કિશોરે તેના ખિસ્સામાંથી તેનું પાકીટ તેમજ જરૂરી ડોકયુમેન્ટસ તથા રોકડા રૂ. ૧૦૫૦ તથા મોબાઈલના હેન્ડસ ફ્રીની લુંટ કરી ફરાર થઈ ગયા હતા.





મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મહાઅષ્ટમીના પાવર પર્વે આદ્યશક્તિ અંબાજીના આર્શીવાદ લેવા દર્શને પહોંચ્યા હતા. પૂજન-અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. આ સમયે મંત્રીશ્રી બ્રિજેશ મેરજા પણ પૂજન-અર્ચનમાં જોડાયા હતા.

# પ્રધાનમંત્રી આવાસ યોજના અને સ્વચ્છતા મિશનની કામગીરીમાં સુયોગ્ય સંકલન સાથે આગળ વધો : સુરભિ ગૌત્તમ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા મિશન ક્લીન ઈન્ડિયા મુવમેન્ટ તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજનાના અમલીકરણમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને તાલુકાની કચેરીઓ વચ્ચે સુયોગ્ય સંકલનનો અભાવ જણાતાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ આજે વધુ એકવાર ગુસ્સે થયા હતા. ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે ડી.આર.ડી.એ. અને તાલુકા વિકાસ અધિકારીઓની યોજોયેલી સંયુક્ત બેઠકમાં આ બાબતો સામે આવતાં તેમણે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે લાભાર્થીઓને હપ્તાઓ નિયમિત મળે અને લક્ષ્યાંક પ્રમાણે કામગીરીમાં ગતિ આવે તે માટે અસરકારક મોનીટરીંગ કરવા પર ભાર મુક્યો હતો. સ્વચ્છતા મિશન અંતર્ગત આવી રહેલ સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૧ને ધ્યાને રાખી વધુ ને વધુ લોકો એપ ડાઉનલોડ કરે તેમજ ગ્રામ્ય વિસ્તારમાં નિયમિત રીતે સફાઈ થાય તે જોવા તેમણે જણાવ્યુ હતુ.તેમણે કહ્યુ કે પર્વોમાં ઉજવણી પુરતુ સ્વચ્છતા અભિયાન નહિ પણ સ્વચ્છતાનો અભિગમ ટેવ બને તે જોવુ જોઈએ.

ગ્રામ્ય સ્તરે સામુહિક શૌચાલયોના નિર્માણની કામગીરીમાં પણ વેગ આવે તે જરૂરી છે. તેમણે જાહેરમાં શૌચક્રિયા થતી અટકાવવા માટે ગ્રામ્યસ્તરે રચાયેલી સમિતિઓને વધુ જાગૃત કરી અને કાર્યરત કરવામાં આવે તે પણ એટલુ જ જરૂરી છે.

આજની આ બેઠકમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના અસરકારક અમલીકરણ માટે સુયોગ્ય સંકલન સાથે ઝડપથી આગળ વધવા તેમણે જણાવ્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે આવાસ નિર્માણની કામગીરી માટે સતત મોનીટરીંગ જરૂરી છે.

જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ આ સપ્તાહમાં બીજી વખત ગુસ્સે થયેલા જણાયા હોવાથી તંત્રમાં પણ સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

# દહેગામના કડજોદરા ગામે ગ્રામજનોના પ્રશ્નને વાચા આપવા રાત્રિ ગ્રામસભા યોજાઇ

દહેગામ તાલુકાના કડજોદરા ગામ ખાતે રાત્રિ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય સમક્ષ ગ્રામજનોએ મુક્તમને પોતાના પ્રશ્નોની રજૂઆત કરી હતી. ગ્રામજનો દ્વારા રજૂ કરવામાં આવેલા તમામ પ્રશ્નનો સંતોષકારક ઉત્તર કલેકટરશ્રી દ્વારા આપવામાં આવ્યો હતો. ગ્રામસભામાં ગ્રામજનોને રાજય સરકારની વિવિધ ફલેગશીપ યોજનાની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ ગ્રામસભાના આયોજન પાછળના ઉમદા આશયથી સર્વે ગ્રામજનોને વાકેફ કર્યા હતા. ગ્રામજનો દ્વારા રજૂ કરવામાં આવેલા ખાત્રીબા કેનાલનો પ્રશ્ન ટુંક સમયમાં ઉકેલ આવશે, આ અંગે સંબંધિત કચેરીનું ધ્યાન દોરવામાં આવશે, તેવું ગ્રામજનોને જણાવ્યું હતું. તેમજ ગૌચર જમીન અંગે રજૂ થયેલા પ્રશ્નનો પણ ૧૫ થી ૨૦ દિવસમાં ઉકેલ લાવવાની ગ્રામજનોને ખાત્રી આપી હતી. ગ્રામજનો દ્વારા ટુકડા જમીન અંગેનો પ્રશ્ન ગ્રામસભામાં રજૂ કર્યો હતો. જે પ્રશ્ન અંગે જિલ્લા કલેકટરશ્રીએ આ પ્રશ્ન માત્ર કડજોદરા ગામનો નથી, પણ અનેક ગામોમાં આવા પ્રશ્નો છે, આ અંગેના સુચારુ ઉકેલ માટે સરકારમાં રજૂઆત કરવામાં આવી છે, તેવું જણાવી ટુકડા જમીન અંગેની વિસ્તૃત સમજ પણ આપી હતી. જિલ્લા કલેકટરશ્રીએ ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓના લાભ લેવા જણાવ્યું હતું. કલેકટરશ્રીએ ગામમાં કોરોનાની રસીકરણનો પ્રથમ ડોઝની ૧૦૦ટકા થયેલ કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો. તમામ ગ્રામજનોને બીજો રસીનો ડોઝ સમયસર લેવાની પણ અપીલ કરી હતી.



### વોર્ડ નંબર-૮ના કોર્પોરેટરને બ્રહ્મસમાજ દ્વારા શુભકામનાઓ પાઠવાઈ

ગાંધીનગર મનપા વોર્ડ નં.૮ના કોર્પોરેટર સમસ્ત બ્રહ્મસમાજ રાજયકક્ષાના ગાંધીનગર જિલ્લાના મહિલા પ્રમુખ છાયાબેન ત્રિવેદીનું સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષા વતી અશ્વિનભાઈ ત્રિવેદી, દિવ્યભાઈ ત્રિવેદી, મનીષભાઈ ત્રિવેદી, મહિલા પાંખ વતી શર્મિષ્ઠાબેન, ઈલાબેન, જાગૃતિબેન, ભારતીબેન, મનીષાબેન, ચેતનાબેન સહીત મહિલાઓએ સ્વાગત કરીને શુભકામનાઓ પાઠવી હતી.

# મહીલા શિક્ષણ સહાયકને ફરજમાં હાજર કરવાના મામલે શાળાનો નનૈયો

### કરોલીની એન એમ પટેલ સરસ્વતી વિદ્યાલયનો કેસ હજુ વિવાદમાં જિલ્લા શિક્ષણાધિકારીને રજુઆત

ગાંધીનગર તા ૧૩

કરોલીની એન એમ પટેલ સરસ્વતી વિદ્યાલયમાં ફરજ બજાવતા શિક્ષણ સહાયકને સેવા મુકત કરવાના આદેશને જિલ્લા શિક્ષણાધિકારીએ રદ કર્યા બાદ શિક્ષિકાને હાજર થવા દેવાના મુદ્દે શાળા કક્ષાએથી ના પાડી દેવાતા આ મામલે વિવાદ હજુ યથાવત રહ્યો છે. એકવાર જિલ્લા શિક્ષણાધિકારીને રજુઆત કરવામાં આવી છે. મહીલા શિક્ષણ સહાયકે નોકરી માટે કયા સ્થળે હાજર થવુ તેવા પ્રશ્ન સાથે શિક્ષણાધિકારીને રજુઆત કરી છે.

દહેગામ તાલુકાની કારોલી ગામની એન એમ પટેલ સરસ્વતી વિદ્યાલયમાં મહીલા શિક્ષિકાને માનસિક ત્રાસ આપવાના મામલે કેળવણી મંડળ અને શાળાના ઈન્ચાર્જ આચાર્યની વિરુધ્ધ મહીલા આયોગ અને શાળાઓના કમિશ્નરની કચેરીમાં પણ રજુઆત કરવામાં આવી હતી. પરંતુ આ મામલે આગળ કાર્યવાહી થાય તે પુર્વે જ કરોલી કેળવણી મંડળે મહીલા શિક્ષણ સહાયકની સેવામાંથી મુકિત કરવાનો આદેશ કર્યો હતો. જયારે આ મામલે મહીલા શિક્ષિકાએ જિલ્લા શિક્ષણાધિકારીને રજુઆત કરી હતી. આ પ્રકરણ સંદર્ભે જિલ્લા શિક્ષણાધિકારીએ પણ જરૂરી તપાસ કરી હતી. જયારે સમગ્ર મામલે સુનાવણી પણ હાથ ધરવામાં આવી હતી. જેના અંતે બોર્ડના અધિનિયમ ૧૯૭૨ અને વિનિયમ ૧૯૭૪ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી ન થઈ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જેથી કરોલી કેળવણી મંડળે મહીલા શિક્ષણ સહાયકને સેવામાંથી ફરજ મુકત કરવાનો આદેશ જિલ્લા શિક્ષણાધિકારીએ રદ કર્યો હતો. પરંતુ આ આદેશના આધારે શાળામાં હાજર થવા ગયેલા શિક્ષિકાને હાજર ન કરાયા હોવાની પણ ફરિયાદ ઉઠી છે. શાળાના ઈન્ચાર્જ આચાર્ય તેમજ સંચાલક મંડળ દ્વારા હાજર થવાના મુદ્દે નનૈયો કર્યો હતો અને આ મામલે કોઈ લખાણ આપવાની પણ ના પાડી હતી. જયારે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાંથી પણ શિક્ષણ સહાયકને હાજર કરવા માટે કોઈ સુચના ન મળી હોવાનુ જણાંવાતા આ મામલે ડી ઈ ઓને રજુઆત કરવામાં આવી છે.



ગાયત્રીનગર સોસાયટી સેક્ટર-૨૭ ખાતે નવરાત્રી પર્વની ઉજવણીના ભાગરૂપે એક સરખા પહેરવેશ પહેરીને વસાહતીઓએ માતાજીના ગરબા ગાયા હતા.

### ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ દહેગામ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન

ગાંધીનગર, તા. ૧૩

રાજયના શિક્ષણ વિભાગ દ્વારા દહેગામ તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ રામાજીના છાપરા પ્રાથમિક શાળાના શિક્ષક ધર્મેશ ગજ્જરને મળતા તેઓનું સન્માન દહેગામ તાલુકાના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ અને ઉત્તરોત્તર વધુ પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

### હર્ષ સંઘવીનું મોટું નિવેદન

# ગુજરાતમાં રાહણ દહન કાર્યક્રમ યોજી શકાશે

ગુજરાતના યુવાનોને કેફી દ્રવ્યોના નશાની ચુંગાલમાંથી મુક્ત કરવા અને કેફીનાશક દ્રવ્યોના પેડલરોને નેસ્તનાબુદ કરવા મામલે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાવણ દહન મામલે પણ મોટી જાહેરાત કરતા કહ્યું હતું કે, ગુજરાતમાં આ વખતે રાહણ દહન કાર્યક્રમ યોજી શકાશે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આપણે સૌ જાણીએ છીએ કે, હિન્દુ સંસ્કૃતિમાં રાવણ દહનનું એક ખુબ મોટું મહત્વ છે અને રાજ્યના સૌ નાગરિકોના જે દર વર્ષની જેમ રાવણ દહનનો કાર્યક્રમ આ વર્ષે થઈ શકે તે માટે નવરાત્રિની જેમ જ ૪૦૦ લોકોની એસઓપી અંતર્ગત રાવણ દહનની પરમિશન અમે લોકો આપવાના છીએ. રાજ્ય સરકાર તમામ તહેવારોને કોવિડને કંટ્રોલમાં રાખીને ઉડવી શકે તે માટે કટીબધ્ધ છે.

## અગ્રતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિક અંગત મદદનીશ તરીકે સચિવાલય કેડરના અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.

રૂપાણી મંત્રી મંડળના મંત્રીઓમાં મોટાભાગના તમામ મંત્રીઓના અંગત સચિવ તરીકે સચિવાલય બહારના અન્ય ડિપાર્ટમેન્ટના જિલ્લા અધિકારીઓને નિમણૂક કરવામાં આવી હતી તેમજ અધિક અંગત મદદનીશ તરીકે પણ બહારથી જ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી જ્યારે અંગત મદદનીશ તરીકે સીધી ભરતીના લોકોને પણ રાખવામાં આવતા હતા.

રૂપાણી મંત્રી મંડળનું વિસ્તરણ કરી દેવામાં આવ્યા બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નવી સરકારની રચના થયા બાદ એક મહિના જેટલો સમય વીતી ગયો હતો છતાં પણ મંત્રીઓના અંગત સચિવ અને અધિક અંગત મદદનીશની નિમણૂક કરવામાં આવી ન હતી જેના કારણે નિમણૂક પ્રક્રિયામાં વિલંબ થવા પામ્યો હતો.

ભૂપેન્દ્ર પટેલ સરકારે રૂપાણી મંત્રી મંડળના મંત્રીઓને ત્યાં અંગત સચિવ અને અધિક અંગત મદદનીશ તરીકે ફરજ બજાવી ચૂકેલા એક પણ અધિકારીઓને રીપીટ નહીં કરવાનો તેમજ જિલ્લાઓમાંથી રેવન્યુ કેડરના અધિકારીઓને પણ મંત્રીઓના પીએસ પીએમાં નિમણૂક નહિ આપવાનો નિર્ણય કરીને માત્ર સચિવાલય કેડરના અધિકારીઓને પી એસ અને પીએ તરીકે નિમણૂકો આપવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે.

ઘણા વર્ષો બધા પહેલીવાર એવું બન્યું છે કે રાજ્ય મંત્રીમંડળના તમામ મંત્રીઓના અંગત સચિવ અને અધિક અંગત મદદનીશ તરીકે સચિવાલય કેડરના નાયબ સચિવ અને ઉપસચિવ સંવર્ગના અધિકારીઓની જ નિમણૂક કરવામાં આવી છે.

સચિવાલય કેડરના અધિકારીઓને મંત્રીઓના અંગત સચિવ અને અધિક અંગત મદદનીશ તરીકે નિમણૂક કરવા પાછળનું મુખ્ય કારણ એવું માનવામાં આવી રહ્યું છે કે સચિવાલય કેડરના અધિકારીઓ તમામ વિભાગની કામગીરીનો અનુભવ ધરાવતા હોય અને વહીવટી કુશળતા ધરાવતા હોય મંત્રીઓને તેમના વિભાગની કામગીરીમાં અસરકારકતા સાથે વહીવટમાં ગતિશીલતા અને પારદર્શિતા આવે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ભૂતકાળમાં ક્યારેય પણ એવું નથી બન્યું કે મંત્રીમંડળના તમામ મંત્રીઓને ત્યાં સચિવાલય કેડરના નાયબ સચિવોને અંગત સચિવ તરીકે નિમણૂક આપવામાં આવી હોય. ગણ્યાગાંઠ્યા જ નાયબ સચિવ વર્ગના અધિકારીઓને અમુક જ મંત્રીઓને ત્યાં ભૂતકાળમાં નિમણૂકો અપાઈ હતી. પરંતુ આ વખતે આખા રાજ્ય મંત્રીમંડળના તમામ મંત્રીઓના અંગત સચિવ અધિક અંગત મદદનીશ અને અંગત મદદનીશ તરીકે સચિવાલય કેડરના નાયબ સચિવ ઉપ સચિવ અને સેક્શન અધિકારીઓને નિમણૂક આપવામાં આવી છે.

## મુંઝવણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ સિનિયર સીટીઝન્સને પારવાર હાલાકી વેઠવી પડે છે. માર્ગ પર વોકીંગ કરનારાને રસ્તો સુઝતો નથી બીજીતરફ રખડતા કુતરા તેમજ ઢોરનો ત્રાસ પણ સતાવે છે. શહેરના ચ -૬ થી પંચદેવ વિસ્તારમાં પણ આવી જ હાલત છે. સવારે ૬ વાગ્યામાં આ રૂટની લાઈટો બંધ થઈ જાય છે. જેના લીધે સવારના સમયે માર્ગો પર અંધારુ છવાયેલુ રહેતા મોર્નિંગ વોક કરનારા માટે મુંઝવણ ઉભી થાય છે. આમ પણ હવે ઠંડીના દિવસો શરૂ થવાના હોવાથી સવારના સમયે ઝલદી અજવાળુ પથરાતુ નથી આવા સંજોગોમાં સ્ટ્રીટ લાઈટો સવારે ૬ :૩૦ સુધી ચાલુ રાખવા માટે પણ સ્થાનિકો કક્ષાએથી તંત્રને રજુઆત કરવામાં આવી છે. બીજીતરફ સેકટરોમાં આંતરિક વિસ્તારમાં કેટલાક ઠેકાણે લાઈટો ડુલ રહે છે. જેને અનુલક્ષીને સર્વે હાથ ધરી બંધ લાઈટો પણ ચાલુ થાય તેવી પણ માંગણી કરવામાં આવી છે. આ ઉપરાંત સ્ટ્રીટ લાઈટના પોલ્સને યોગ્ય રંગરોગાન કરવા તેમજ ખુલ્લા ઢાંકણ હોય તેવા કીસ્સામાં જોખમી થાંભલાની પણ યોગ્ય જાળવણી થાય તેવો સુર પણ સેકટરવાસીઓએ ઉઠાવ્યો છે.

## લોન્ચ કરાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશના ખેડૂતો, માછીમારોની આવક વધારવા પર કામ ચાલી રહ્યું છે. ક્યાંક પોર્ટ હોય છે તો તેમને કનેક્ટ કરનાર રેલ-રોડ માર્ગ હોતા નથી. તેનાથી લોજિસ્ટિક કોસ્ટ વધી. આ આત્મનિર્ભર ભારતના નિર્માણ અડચણ છે. એક સ્ટડી અનુસાર ભારતમાં લોજિસ્ટિક કોસ્ટ જીડીપીના લગભગ ૧૩ ટકા છે. દુનિયાના મોટા દેશોમાં એવી સ્થિતિ નથી.

મોદીએ કહ્યું કે ગત ૭૦ વર્ષોની તુલનામાં ભારત સ્પીડથી કામ કરી રહ્યું છે. પહેલાં નેચરલ ગેસ પાઈપલાઈન ૧૯૮૭ માં કમીશન થઈ હતી. પછી વર્ષ ૨૦૧૪ સુધી ૨૭ વર્ષમાં દેશમાં ૧૫ હજાર કિલોમીટર નેચરલ ગેસ પાઈપલાઈન બની. આજે દેશભરમાં ૧૬ હજાર કિલોમીટરથી વધુ ગેસ પાઈપલાઈન પર કામ ચાલી રહ્યું છે. જેટલું કામ ૨૭ વર્ષોમાં થયું. તેનાથી વધુ કામ આપણે તેના અડધા સમયમાં કરવાના છીએ. કામની ગતિ ભારતની ઓળખ બની રહ્યું છે. ૧ હજાર કિલોમીટર લાંબા નવા મેટ્રો રૂટ પર કામ ચાલી રહ્યું છે. હવે દેશને વિશ્વાસ છે કે ભારત ઝડપથી કામ કરી શકે છે. આકાંક્ષાઓ વધી ગઈ છે. આગામી ૪-૫ વર્ષમાં દેશમાં ૨૦૦ થી વધુ એરપોર્ટ, હેલિપેડ અને વોટર એરડોમ બનવા જઈ રહ્યા છે.

## એક જ મત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુસાર, કાર્તિકના પાંચ પરિવારજનો પણ તે જે વોર્ડમાંથી ચૂંટણી લડી રહ્યો હતો ત્યાંના મતદાર છે, પરંતુ તેને તેમના મત પણ નથી મળ્યા. આ બાબતે પણ ભાજપના ઉમેદવારને ખાસ્સો ટ્રોલ કરવામાં આવ્યો હતો. આ અંગે વાત કરતા કાર્તિકે જણાવ્યું હતું કે તેમણે ભાજપના ચિન્હ પર નહીં, પરંતુ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી. જોકે, કેટલાક રાજકીય પક્ષો તેમને મળેલી વોટની સંખ્યાને ભાજપ સાથે સાંકળીને તેની છબીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. કાર્તિકે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર એક વિડીયો પણ પોસ્ટ કર્યો હતો. જેમાં તેણે જણાવ્યું હતું કે તેઓ વોર્ડ નં.૯માં ખાસ જાણીતા નથી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે તેઓ પોતે અને તેમના પરિવારજનો આ વોર્ડમાં નોંધાયેલા ઉમેદવાર પણ નથી. તેમનું નામ વોર્ડ નં.૪માં ચાલે છે. પરિવારજનોએ પણ પોતાને વોટ ના આપ્યા હોવાના અહેવાલોને ખોટા ગણાવતા તેમણે કહ્યું હતું કે, તેમને મળેલો એક મત પણ તેમના માટે વિજય સમાન છે. આગામી ચૂંટણીમાં પોતે વોર્ડ નં.૪માંથી ઝંપલાવશે અને આકરી મહેનત કરી જીત પ્રાપ્ત કરશે તેવો વિશ્વાસ પણ તેમણે પ્રગટ કર્યો હતો.

## લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

જમાવે છે. ગરબે ઘૂમતા ઘૂમતાં મા પાસે સદ્બુદ્ધિને સંઘબળ માગીએ.... જેના થકી ફૂલફાલી પાડાવૃત્તિને હંફાવી શકાય. આસુરી વિચારો પર વિજય મેળવાના - સંકલ્પબદ્ધ થવાના દિવસો છે. શક્તિનો સ્વાર્થ માટે નહીં પણ માનવ કલ્યાણ માટે સદુબયોગ કરવાનો સંકલ્પ લઈએ એ જ નવલાં નોરતાંનો ચિરંતન સંદેશ છે.

**સ્પર્શમણિ :**

ઘરમાં બોલતી ચાલતી એક લક્ષ્મી પાણી ભરે છે,
અન્નપૂર્ણા બનીને જમવાનું બનાવે છે,
ગૃહલક્ષ્મી બનીને કુટુંબને સંભાળે છે,
સરસ્વતી બનીને બાળકોને શિક્ષણ આપે છે.
કાલી અને ચંડીકા બનીને ઘરનું રક્ષણ કરે છે

એની પૂજા જરૂરી નથી પણ સન્માન તો જરૂરી છે. દેવીને ફક્ત મંદિરમાં જ નહીં પણ મનમાં પણ બેસાડો, મૂર્તિના સાથે જીવિત સ્ત્રીનો પણ આદર કરો.

આ જ સાચો નવલાં નોરતાનો સાર.

● ● ●

'દીવા'ને વંદન 'એટલા માટે કરવામાં આવે છે, એ બીજા માટે 'બળે' છે, બીજાને જોઈને નહિ.

- rasikvaland1965@gmail.com, Mo. 9913426949